# મત કેવી રીતે આપવો

ગુજરાતી

# વિષયવસ્તુ

મત કેવી રીતે આપવો / ગુજરાતી

# મત કેવી રીતે આપવો

## લાયકાત

તમે ટોરોન્ટોની મ્યુનિસિપલ ચૂંટણીમાં મત આપી શકો છો, જો તમે:

- એક કેનેડિયન નાગરિક હોવ; અને
- ઓછામાં ઓછા 18 વર્ષના હોવ; અને
- ટોરોન્ટો શહેરના રહેવાસી હોવ; અથવા
- ટોરોન્ટોના નોન-રેસિડેન્ટ (બિન-નિવાસી) હોવ, પરંતુ તમે અથવા તમારા પતિ / પત્ની શહેરમાં મિલકત ધરાવતા હોવ અથવા ભાડે લીધેલ હોય; અને
- કોઈપણ કાયદા હેઠળ મતદાન કરવા માટે પ્રતિબંધિત ન હોવ.


તમે શહેરમાં કેટલી મિલ્કતો ધરાવો છો કે ભાડે લીધેલ છે તેને ધ્યાનમાં લીધા વગર, તમે સિટી ઑફ ટોરોન્ટોની મ્યુનિસિપલ ચૂંટણીમાં ફક્ત એક વખત જ મતદાન કરી શકો છો. તમારે ત્યાં જ મત આપવાનો છે જે વોર્ડમાં તમે રહો છો.

## મતદાન

મતદાન અધિકારી:

- આપનું અભિવાદન કરશે અને તમારે જ્યાં જવાનું હશે ત્યાં જવા માટે દિશાનિર્દેશ કરશે.
- તમારું નામ અને ટોરોન્ટોનું ક્વોલિફાઈંગ સરનામું દર્શાવતી તમારી ઓળખ માટે કહેશે
- મતદારોની સૂચિ સામે તમારી ઓળખ ચકાસશે, પછી યાદીમાંથી તમારા નામ પર ક્રોસ કરશે
- તમારા બેલોટ (મતપત્ર)ને એક ગુપ્ત ફોલ્ડરમાં મૂકશે અને તમને બતાવશે કે તમારા મતપત્ર પર કેવી રીતે માર્ક કરવું
- તમને મતદાન સ્ક્રીન પર દિશામાન કરશે

તમે:




- તમારી પસંદગીના ઉમેદવારની જમણી બાજુએ રહેલ લંબગોળને ભરીને તમારા મતદાનને ચિહ્નિત કરશો.
- મતપત્ર પર દરેક ઓફિસ માટે એકવાર મત આપશો.
    - જો તમે કોઈ ભૂલ કરો અથવા તમારે કોને મત આપવો છે તે વિશે તમારું મન બદલાય તો મતપત્રને ચૂંટણી અધિકારી પાસે લઇ જાઓ જે તમારા મતપત્રને રદ્ કરશે અને તમને બીજું મતપત્ર આપશે.
- તમારા ચિહ્નિત મતપત્રને ગુપ્ત ફોલ્ડરમાં મૂકો અને તેને ચૂંટણી અધિકારી પાસે લઇ જાઓ જે તમારા મતપત્રને ટેબ્યુલેટરમાં ફીડ કરશે.
    - જો તમારા મતપત્રમાં કોઈ સમસ્યા હશે, તો ટેબ્યુલેટર તેને પરત કરશે. ચૂંટણી અધિકારી તમને નવું મતપત્ર મેળવવાનો વિકલ્પ આપશે અથવા ટેબ્યુલેટર દ્વારા મતપત્રને ચિહ્નિત તરીકે સ્વીકાર કરાવશે.

- જો તમને મતપત્રને યોગ્ય રીતે કેવી રીતે ચિહ્નિત કરવું તે અંગે કોઈ પ્રશ્નો હોય તો કોઈપણ ચૂંટણી અધિકારી તમને તે ખુશીથી સમજાવશે.

- ટેબ્યુલેટર દ્વારા તમારા મતપત્રનો સ્વીકાર કરાયા પછી તમે સફળતાપૂર્વક મતદાન કર્યું ગણાશે.

# ઘોષણાઓ

## નં. 1 – લાયકાતની ઘોષણા

જો કોઈ વ્યક્તિ તમારા મત આપવાના અધિકાર પર પ્રશ્ન કરે, તો તમારે લાયકાત અંગેની ઘોષણા કરવી જ જોઈએ – તે ખાતરી કરવા માટે કે તમે લાયક છો. (જુઓ: લાયકાતો)

> હું, (તમારું નામ જણાવો), ઘોષણા કરું છું કે હું એક લાયક મતદાર છું અને મેં આ ચૂંટણીમાં પહેલાથી જ મતદાન કરેલું નથી.

## નં. 2 – દુભાષિયાની ઘોષણા

જો તમારે એક દુભાષિયાની સહાયની જરૂર હોય, તો તમે એવા કોઈ વ્યક્તિને તમારા દુભાષિયા તરીકે કામ કરવા માટે કહી શકો છો કે જે કોઈ ઉમેદવાર અથવા તપાસ અધિકારી નથી.

સહાય પૂરી પાડયા પહેલાં દુભાષિયાએ ઘોષણા શપથ લેવી જ જોઈએ. તેઓ તમારી સાથે વોટિંગ સ્ક્રીનની પાછળ જઈ શકે નહીં.

> હું, (તમારું નામ જણાવો), ઘોષણા કરું છું કે હું મતદારને આપેલ કોઈપણ જાહેરાત, દસ્તાવેજ અથવા પ્રશ્નનું સાચું ભાષાંતર કરીશ અને જવાબ આપીશ.

## નં. 3 – મતદારના મિત્રની ઘોષણા

જો તમે મતપત્ર ચિહ્નિત કરી શકતા ન હોવ, તો તમે એક મિત્રને મદદ કરવા માટે કહી શકો છો. મિત્રે ઘોષણા શપથ લેવી જોઈશે. મિત્ર તરીકે વર્તનાર વ્યક્તિ તમારી સાથે વોટિંગ સ્ક્રીનની પાછળ જઈ શકે છે. કોઈ વ્યક્તિ સિવાય કે નર્સિંગ હોમ અથવા પરિવારના સભ્યો માટે માત્ર એક જ વખત મિત્ર તરીકે વર્તી શકે છે.

હું, (તમારું નામ જણાવો), ઘોષણા કરું છું કે હું:

- મતપત્ર પર મતદારના નિર્દેશન પ્રમાણે જ ચિહ્ન કરીશ
- મતદારને તેમની પસંદગી કરવા માટે પ્રભાવિત કરવાનો પ્રયાસ કરીશ નહીં
- મતદારે કેવી રીતે મત આપ્યો છે તે ગુપ્ત રાખીશ

# ઓળખના ઉદાહરણો

**તમારું નામ અને ટોરોન્ટોનું ક્વોલિફાઈંગ સરનામુ દર્શાવતી ઓળખ. મતદાર માહિતીકાર્ડને ઓળખ તરીકે ઉપયોગ કરી શકાય નહીં.**

- ઑન્ટેરિઓનું ડ્રાયવર લાયસન્સ
- ઑન્ટેરિઓહેલ્થકાર્ડ (સરનામાં સાથે ફોટોકાર્ડ)
- ઑન્ટેરિઓ ફોટોકાર્ડ
- ઑન્ટેરિઓ મોટરવાહન પરવાનગી (વાહન ભાગ)
- કેન્સલ કરેલો વ્યક્તિગત ચેક
- ઑન્ટેરિઓમાં પ્રોપર્ટીને લગતા મોર્ટગેજ સ્ટેટમેન્ટ, લીઝ અથવા ભાડાકરાર
- વીમા પૉલિસી અથવા વીમાનું સ્ટેટમેન્ટ
- એક નાણાકીય સંસ્થા સાથે લોન કરાર અથવા અન્ય નાણાકીય કરાર
- ઑન્ટેરિઓમાં ન્યાયાલય દ્વારા બહાર પડાયેલો અથવા પ્રમાણિત કરેલ દસ્તાવેજ
- કેનેડા, ઑન્ટેરિઓની સરકાર અથવા ઑન્ટેરિઓમાં કોઈ મ્યુનિસિપાલિટી અથવા કોઈ એજન્સી અથવા આવી કોઈ સરકાર તરફથી કોઈ અન્ય દસ્તાવેજ
- ઑન્ટારીયોમાં ઈન્ડિયન એક્ટ (કેનેડા) હેઠળ સ્થાપિત બૅન્ડ કાઉન્સિલમાંથી કોઈપણ દસ્તાવેજ,
- આવકવેરા આકારણી નોટિસ
- ચાઈલ્ડટેક્સ બેનિફિટ (બાળકકર લાભ) સ્ટેટમેન્ટ
- રોજગાર વીમા ચુકવેલ લાભોનું સ્ટેટમેન્ટ T4E
- ઓલ્ડએજ સિક્યુરિટી T4A (OAS)નું સ્ટેટમેન્ટ
- કેનેડા પેન્શન પ્લાન લાભો T4A (P) નું સ્ટેટમેન્ટ
- કેનેડા પેન્શન પ્લાન યોગદાનનું સ્ટેટમેન્ટ
- ઑન્ટેરિઓ વર્ક્સ માટે ડાયરેક્ટ ડિપોઝિટનું સ્ટેટમેન્ટ
- ઑન્ટેરિઓ ડિસેબિલિટી સપોર્ટ પ્રોગ્રામ માટે ડાયરેક્ટ ડિપોઝિટનું સ્ટેટમેન્ટ
- કાર્યસ્થળ સલામતી અને વીમા બોર્ડના લાભોનું સ્ટેટમેન્ટ T5007
- મિલકતકર આકારણી
- ક્રેડિટકાર્ડ સ્ટેટમેન્ટ, બૅંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ, અથવા RRSP, RRIF, RHOSP અથવા T5 સ્ટેટમેન્ટ
- CNIB કાર્ડ અથવા અન્ય રજિસ્ટર્ડ સખાવતી (ચૅરિટેબલ) સંસ્થાનું કાર્ડ જે અપંગ વ્યક્તિઓ માટે સેવાઓ પૂરી પાડે છે
- હૉસ્પિટલ કાર્ડ અથવા રેકોર્ડ દસ્તાવેજ
- કેમ્પસ નિવાસસ્થાન દર્શાવતો, દસ્તાવેજ જે પોસ્ટ-સેકન્ડરી સંસ્થામાં વિદ્યાર્થી નિવાસ માટે જવાબદાર અધિકારીઓ અથવા ઓફિસ દ્વારા આપવામાં આવે છે
- લૉન્ગ-ટર્મ કેર હોમ્સ એક્ટ, 2007 અંતર્ગત, ઘર માટેના એડમિનિસ્ટ્રેટર દ્વારા જારી કરાયેલ લાંબાગાળાના સંભાળ ગૃહ પર રહેઠાણ દર્શાવતો દસ્તાવેજ.
- હાઈડ્રો, વૉટર, ગૅસ, ટેલિફોન અથવા કેબલ ટીવી માટેના યુટિલિટિ બિલ અથવા એક પબ્લિક યુટિલિટી કમિશન દ્વારા અપાયેલ કોઈ બિલ
- ચેકસ્ટબ, T4 સ્ટેટમેન્ટ અથવા કોઈ પોસ્ટ-સેકન્ડરી સ્કૂલમાંથી એમ્પ્લોયર ટ્રાંસ્ક્રિપ્ટ અથવા રિપોર્ટકાર્ડ દ્વારા જારી કરાયેલ ચુકવણી રસીદ